
# RAKTADAN

OFFICIAL QUARTERLY MAGAZINE OF
SURAT RAKTADAN KENDRA & RESEARCH CENTRE
(NABH Accredited Regional Blood Transfusion Centre)

**Volume XXIX, No. 2, April 2018**

**Trust Reg. No. F-218 (Dt. 01-10-1976)**
**Licence No. : GB 15**




**Be there for someone else.**
**Give blood. Share life.**






## Surat Raktadan Kendra & Research Centre

NABH Accredited

**Regional Blood Transfusion Centre**

| | | |
|---|---|---|
| *SMT. SHANTABEN NANUBHAI VIDIYA* BLOOD BANK | *DR. JAYA & DR. HARIVADAN SHAH* ACADEMIC WING | *LAXMIPATI SAREES* STEMCELL BANK |
| *COLOURTEX INDUSTRIES PVT. LTD.* CELL BIOLOGY AND REGENERATIVE MEDICINE | *MATUSHRI SHANTABA VIDIYA & MATUSHRI RAMUBA TEJANI* MOLECULAR BIOLOGY RESEARCH & DEVELOPMENT | : Courtesy : SURAT MUNICIPAL CORPORATION |

“एक ऐसा दान
जो करने से कम नहीं होता
और इंसान से ज्यादा
किसी में दम नही होता
वो है **रक्तदान**
जो बढाता है देशवासियो का
स्वास्थ्य और स्वाभिमान....”




**HARMEET DESAI**
**Gold Medal Winner**
**Commonwealth Games 2018**

**Publisher**
**Surat Raktadan Kendra & Research Centre**
1st Floor, Khatodara Health Centre,
Near Chosath Joganio Mata's Temple,
Udhna Magdalla Road, Surat - 395 002.
Tel. No. : (0261) 2630114, 2635532-34, Fax No. : (0261) 2635535
E-mail: srkrc2008@gmail.com Website : www.srkrc.org


*For private circulation only.*

Printed by : Bright Printers. Ph. : 2591536 E-mail : brightprinters2010@gmail.com

**EDITORIAL BOARD**

| | |
|---|---|
| **Chairman** | : Dr. P. K. Desai |
| **Vice Chairman** | : Dr. V. H. Shah |
| **Editor** | : Dr. Pradeep Pethe |
| **Sub Editor** | : Dr. Kiran Shah |
| | : Prof. (Dr.) K. Ghosh |
| **Members** | : Dr. Pranav Desai |
| | : Dr. Salil Vaniawala |
| | : Dr. Narendra V. Vasavada |
| | : Er. Parimal K. Vyas |

# Editorial



Dear Readers,

Greetings from SRKRC!

The summer is upon us with a bang! Temperatures have soared to high 30s and promise to soar higher. The world is certainly witnessing bizarre climatic changes and global warming. On the positive side, students can now enjoy their long awaited summer vacations and all of us can look forward to the arrival of our favourite Mangoes!


8th May will be observed as Thalassemia day the world over. This day is observed to create awareness about Thalassemia, sickle cell anaemia and other Haemoglobinopathies that are a cause of great distress to those suffering from them. At a national level these diseases are a great health and economic burden.

Hemoglobinopathies are serious genetic blood disorders requiring lifelong blood transfusions and treatment in its most severe, chronic form. If undiagnosed or untreated, these disorders ultimately lead to death. South Asia especially India, Pakistan and Bangladesh have high populations of hemoglobinopathies. In India, there are an estimated 100,000 thalassemia major patients and nearly 3.5 to 4 million carriers of this genetic disorder. Tribal populations in India have a range of 5-40% sickle cell anaemia sufferers. In Eastern India, variant hemoglobinopathies like HBE are as common as 3-50% of the population. Presently India accounts for 10000 to 15000 'haemoglobinopathy' births every year. With a strong political will and effort it is possible to bring down this number as shown by Sardinia and Latium in Italy and Montreal in Canada where voluntary carrier screening programmes reduced the incidence of beta-thalassemia to almost zero.

The National Health Mission has taken cognisance of this fact and has provided guidelines for the prevention, detection and treatment of these genetically transmitted diseases. Our screening programs for college students, providing safe blood for transfusion and our Stem cell facility which will be commissioned soon bear ample testimony to our participation in all the initiatives of NHM and our commitment to fight this scourge. Let us reiterate our resolve and join hands to make India Thalassemia free!

**Dr. Pradeep Pethe**
**-EDITOR**





# From President's Desk

Summer vacation is at its peak and as usual there is shortage of blood in our city. Fortunately our team has worked very hard to tackle the problem. Like every year we are going to celebrate World Blood Donor Day (WBDD) on 14th June 2018, the 150th birth anniversary of Karl Landsteiner, a great scientist who was awarded a noble prize for the discovery of ABO blood group system. On this day we thank the blood donors for their selfless service to humanity for voluntary blood donation and saving many lives. On this day we encourage more and more young people to start donating blood to help victims of medical and surgical emergencies and the mothers during childbirth and complications. The theme of WBDD, 2018 is Blood Donation as an action of solidarity and the slogan is "Be there for someone else, Give Blood and Share Life"

We are eagerly awaiting the license for our stem cell bank and we are hopeful to start the facility very soon. Our other objective is stem cell research and its application for the management of various diseases. Recently Mahavir Hospital has started department of Hematology and Bone Marrow Transplant, a state of the art facility for the treatment of haematological malignancies. Our Kendra has MOU with Mahavir Hospital and I am sure these two facilities will open a new era in the field of hematology and medicine.

Our is the only blood bank in south Gujarat which has facility of irradiation of blood products. Irradiator is extremely useful for the patients of stem cell transplantation and other immunocompramised patients. TA-GvHD is a rare but fatal complication in some patients and it can be prevented by using irradiated blood products. Irradiated blood products are indicated in

(1) patients undergoing autologous and allogenic stem cell transplantation

(2) blood donation by closed relatives and HLA matched blood components

(3) blood used in intrauterine transfusion and subsequently and in preterm babies weighing less than 1.2 Kg

(4) patients of congenital or primary immunodeficiency

(5) patients of Hodgkin's disease needing blood transfusion

(6) patients receiving drugs like Cladribine and Fludarabine

(7) patients of Aplastic anemia treated with immunosuppressive treatment

(8) all granulocyte transfusions

Besides providing safe and effective blood products at affordable rates our blood bank is supplying free blood products to patients of Thalassemia Major, Sickle Cell Disease and Hemophilia. As majority of such patients from our city prefers our blood bank for last so many years, there is major financial burden. Dr Vinod C Shah has started a financial drive to compensate the loss and we highly appreciate his efforts. Luckily because of our research activity we have 35;1,2 scheme which gives 175 percent rebates in income tax to professionals and businessmen. I earnestly request all philanthropist people of Surat to support our noble cause.

**Dr. Kiran Shah**
**M. D.**
**(Hematologist)**



## From the Desk of the Director

Voluntary blood donors are the bedrock in any transfusion medicine service. Citizens of Surat are extremely alert and conscientious when it comes to blood donation. It is a delight to see how they respond in odd hours in an emergency. I am writing all this because recently an incidence happened which left a very deep impression on me.

Last week on a Sunday a pregnant lady in a confused and bleeding state was admitted to a corporate hospital. She developed viral hepatitis with pregnancy , a dangerous combination. As often such patients develop more serious disease and some of them also develops states of altered consciousness which we call hepatic coma. As the liver produce many of the clotting factors which are present in liquid portion of blood ( called plasma ), so in the event of liver disease these proteins are not produced so there is a tendency to bleed . This pregnant lady in a semiconscious state was exactly showing those symptoms and she was in need of blood ( red cells ) and plasma.

There would have been no great difficulty in providing these products by any blood bank provided she had blood types which are common ie A,B. AB or O along with RhD positive and being pregnant she also has a small possibility of having some atypical antibody which can make crossmatching of blood in such cases not only difficult but getting blood for such a patient may not easy.

To continue the story , the hospital found that she has an extremely rare blood group which does not allow blood of any other type to be transfused. This group is called Bombay blood group as this was discovered in Bombay under similar circumstances in 1952.

This group is so rare that even in those places like Konkan belt in Maharashtra where it is relatively common, 1:5000-8000 donor may have such a group. Fortunately at your blood bank we have a list of very small number of donors with such a blood type. We immediately contacted them and we also contacted our blood bank colleagues in Surat ,Mumbai and Valsad in case they have any information about such donors. Our two donors in Surat immediately responded , though they were very busy and that was a Sunday. Even then they came on their own and donated blood to save that lady .

Fortunately with treatment and blood and plasma transfusion her bleeding stopped , a premature baby was delivered and she is being treated for hepatic coma.

I thank those two donors for their singular act of altruism and simultaneously I do remember so many blood donors of Surat who have come and donated blood whenever they have been called. No word can be adequate to say our sense of gratitude to our voluntary donors. May God gave them long , healthy and happy life.

However though there was happy ending in this case so far provision of blood was concerned, it may not happen all the time in the same way and it is best that we get prepared for such rare but inevitable occurrences. What else can be done in such a situation ?

1. Blood bank is unlikely to have stored such kind of blood so we have to ask as many of our blood bank colleagues as possible to know whether such blood unit is in their possession and they can spare the same for the patient. If not do they have details of any voluntary donor with similar blood types. While these kind of search is on


2. we have to screen the first and second degree relatives of the patient , mainly his or her blood brothers and sisters as the chances of finding such rare blood group donors are more likely with patients siblings. This was done but none of them matched the patient's blood type.

3. If the patient is undergoing operation then with some operation patients own blood could have been used with the help of certain machines called Perioperative blood salvage machine.

4. There is a fourth and better possibility ie to develop a cryopreservation facility for rare blood types.

At surat blood bank we are capable of developing such a facility only if altruistic citizen of Surat wants it. Because developing such a bank will be India's first or second such bank and as it will cost 4-5 crore rupees we are looking forward for such a donation from our lion hearted citizens. Such kind of bank will not only help Surtis in distress but whole country can benefit from such an endeavour and the city will be remembered across the country for this unique service.

**Prof. (Dr) Kanjaksha Ghosh**
**MD, MNAMS, DNB MRCP (UK) ,**
**MRCPI , FRCP (Glasg), FRCPath (Lond),**
**FACP (USA), FAMS, FNASc.**
**Director,**
**Surat Raktadan Kendra & Research Centre.**



# સમાચાર

## (૧) થેલેસીમીયા અંગે જાગૃતતા





કલાપી લાફીંગ કલબ અને વોકર્સ કલબ, અડાજણ, સુરતના આમંત્રણને માન આપીને કેન્દ્રના વહીવટી અધિકારીએ તા. ૧૩/૦૧/૨૦૧૮ ના રોજ સવારે ૮.૦૦ કલાકે કલાપી ગાર્ડન, અડાજણ, સુરત ખાતેથી ૭૦ થી વધુ ભાઈ-બહેનોને થેલેસીમીયા વિશે વિગતવાર સમજ આપી જણાવ્યું હતું કે આપણા કુટુંબના છોકરા-છોકરીઓનું લગ્ન પહેલા કુંડળી મેળવવાના બદલે બ્લડ ટેસ્ટ કરી, થેલેસીમીયા માઈનોર છે કે નહિ, તે જાણી ને થેલેસીમીયા માઈનોર-માઈનોરના લગ્ન ન કરવા, જેથી કરીને થેલેસીમીયા (મેજર) બાળકોના જન્મ અટકાવી શકાય. આ પ્રસંગે પૂછાયેલ સવાલોના શ્રી પરિમલ વ્યાસે જવાબો આપ્યા હતા. વિનામૂલ્યે ચલાવવામાં આવતી લાફીંગ કલબના સભ્યોએ સ્વ-બચતમાંથી રૂા.૧૧,૦૦૦/- નો ચેક આ પ્રવૃત્તિ માટે સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરને આપ્યો હતો.

## (૨) લક્ષ્મીપતિ સારીઝ, પાંડેસરામાં રકતદાન અભિયાન અને શિબિર





કેન્દ્રના ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ સરાવગી અને કેન્દ્રની વ્યવસ્થાપક સમિતિના સભ્ય શ્રી ગોવિંદપ્રસાદ સરાવગીના માર્ગદર્શન હેઠળ જનરલ મેનેજર શ્રી પુનીતભાઈના આમંત્રણથી કેન્દ્રના વહીવટી અધિકારી શ્રી પરિમલ વ્યાસે બે વખત તેમની ડાઈગ-પ્રિન્ટીંગ મીલની મુલાકાત લઈને અલગ અલગ અધિકારીઓને મળી, રકતદાનની મહત્ત્વતા તથા ઉપયોગીતા વિશે સમજ આપી હતી, જેના અનુસંધાનમાં તા. ૨૦/૦૧/૨૦૧૮ ના રોજ મીલમાં યોજાયેલ સ્વૈચ્છિક રકતદાન શિબિરમાં અનેરા ઉત્સાહથી કર્મચારીઓએ મોટી સંખ્યામાં રકતદાન કરવા ઉમટયા હતા. કેન્દ્રના ડોકટર તથા સ્ટાફનું સરાવગી પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કુલ્લે ૩૮૩ યુનિટ રકત કેન્દ્રની ટીમે એકત્ર કર્યું હતું.

## (૩) સુરત મહાનગરપાલિકા આયોજીત '૧૭ મો રાષ્ટ્રીય પુસ્તક મેળો'



તા. ૨૪ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૮ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા વનિતા વિશ્રામ ખાતે યોજવામાં આવેલ '૧૭ માં રાષ્ટ્રીય પુસ્તક મેળા' માં કેન્દ્રને વિનામૂલ્યે ફાળવવામાં આવેલ સ્ટોલ દ્વારા 'સ્વૈચ્છિક રકતદાન' ની પ્રવૃત્તિને લોકમાનસ સુધી પહોંચાડવાના અભિગમને સાકાર કરવા કેન્દ્રના જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતા તેમજ

સોશ્યલ વર્કર તરફથી સ્વૈચ્છિક રકતદાન અંગેના વિવિધ સાહિત્ય, પેમ્ફલેટ્સ, ફોલ્ડર વિ. નું વિતરણ કરવામાં આવ્યું હતુ. રકતદાન વિષેની જાણકારી, ઈતિહાસ, કેન્દ્રની પ્રવૃત્તિઓ તેમજ બ્લડ ટ્રાન્ફ્યુઝનનાં વિવિધ પાસાઓ દર્શાવતા પોસ્ટર્સ વિ. સ્ટોલમાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. સ્વૈચ્છિક રકતદાતાઓ, શિબિર આયોજકો તેમજ સુરત શહેરની શાળા- કોલેજોના વિધાર્થીઓએ કેન્દ્રના સ્ટોલની મુલાકાત લીધી હતી તેમજ સ્વૈચ્છિક રકતદાન જાગૃતિ અંગે તેઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## (૪) સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત આયોજીત સ્વૈચ્છિક રકતદાન શિબિર - તા. ૦૪/૦૨/૨૦૧૮



સુરતનાં અગ્રગણ્ય બિલ્ડર શ્રી અરવિંદભાઇ ગજેરાની દિકરી ચિ.જયશ્રીનાં લગ્ન પ્રસંગે રવિવાર, તા. ૦૪/૦૨/૨૦૧૮ નાં રોજ સાગવાડી, સરથાણા જકાતનાકા ખાતે રકતદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિ. જયશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનોને ખાસ અપીલ કરવામાં આવી હતી કે '' આપ મને ભેટ આપવા માંગતાં હો તો મને પુસ્તક આપજો અને મારા લગ્નદિવસને યાદગાર સંભારણું રાખવા માંગતા હો તો આજે સ્વૈચ્છિક રકતદાન કરીને માનવસેવાનાં અમૂલ્ય કાર્યમાં સહભાગી બનજો.' ચિ. જયશ્રીની આ અપીલને સર્વે મહેમાનોએ ખૂબ જ આનંદ સાથે વધાવી લીધી હતી.

આ પ્રસંગે કેન્દ્રનાં ડેપ્યુટી ડિરેકટર ડો. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાએ ઉપસ્થિત રહી ગજેરા પરિવારને આવાં ઉમદા વિચારો દ્વારા દિકરીનાં લગ્ન પ્રસંગે નવતર પ્રયોગ કરવા બદલ હાર્દિક શુભેચ્છા વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા.

શિબિરને અંતે ૮૧ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. શિબિરને સફળ બનાવવા માટે સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરતનાં શ્રી ઘનશ્યામ વસાણી (બિરલા) એ ભારે જહેમત ઉઠાવી હતી.



## (૫) ૦૬/૦૨/૨૦૧૮, બાયોટેક્નોલોજી ઉપર સેમિનાર

સધર્ન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના ઉપક્રમે તા. ૦૬/૦૨/૨૦૧૮ ના રોજ સમૃધ્ધિ, મક્કાઈપુલ નજીક, નાનપુરા, સુરત ખાતે સાંજે ૪.૦૦ કલાકે સુરતના યુવાન - ભાઈ બહેનો જરૂરી જ્ઞાન મેળવે તે હેતુથી બાયોટેક્નોલોજી વિષય ઉપર એક સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રના ડિરેક્ટર ડૉ. કે. ઘોષે પાવર પોઈન્ટ દ્વારા ''સ્ટેમસેલ થેરાપી અને બેંકીંગ '' વિષય ઉપર રજૂઆત કરી હતી. આ પ્રસંગે ચેમ્બરના પદાધિકારીઓ તથા યુનિવર્સિટીના બાયોટેક્નોલોજી ના વિધાર્થી - વિધાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના ડૉ. ગૌરવ શાહે પણ તેમનું પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. આ સેમિનારમાં કેન્દ્રના ડેપ્યુટી ડિરેકટર ડો. નરેન્દ્ર વસાવડા તથા વહીવટી અધિકારી પરિમલ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. રસપ્રદ પ્રશ્નોત્તરીના ડૉ. ઘોષે જવાબો આપ્યા હતા.

(૬) **૦૮/૦૨/૨૦૧૮, હોમોવીજીલન્સ વિષય ઉપર CME**

ભારત સરકારના, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ બાયોલોજીકલ્સ દ્વારા સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર ના સહયોગથી એક દિવસની ઊખ્ઝ (નિરંતર તબીબી શિક્ષણ) નું આયોજન તા. ૦૮/૦૨/૨૦૧૮ ના રોજ સુરત ખાતે સમૃધ્ધિ બિલ્ડીંગ, રઈઉં હોલ, નાનપુરા ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત સ્ટેટ એઈડઝ કન્ટ્રોલ સોસાયટીના એડીશનલ પ્રોજેકટ નિર્દેશક ડો. રાજેશ ગોપાલ મુખ્ય મહેમાનપદે તથા કેન્દ્રના પ્રમુખ ડો. કિરણ શાહ અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહયા હતા.




વિવિધ ફેકલ્ટીઝ માં ડો. રેખા છાબરા (ઈન્ચાર્જ ડેપ્યુટી ડિરેકટર, કવોલીટી કન્ટ્રોલ અને હોમોવીજીલન્સ પ્રોગ્રામ, ઈન્ડિયા ના હેડ), ડો. શિવાની કલ્હાન (પ્રોફેસર અને હેડ, પેથોલોજી વિભાગ, એસ. એચ. કે એમ., ગર્વમેન્ટ મેડિકલ કોલેજ, હરિયાણા), ડો. મૌસમી સ્વામી, (હેડ, દીન દયાળ ઉપાધ્યાય હોસ્પીટલ બ્લડબેંક, ન્યુ દિલ્હી), ડો. સેલ્વરાજ (તામીલનાડુના માજી ડ્રગ કન્ટ્રોલર) અને મિસ રૂચી રાવ, (ટેકનીકલ કન્સલ્ટન્ટ, નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ બાયોલોજીકલ્સ, નોઈડા ના રિસોર્સ પર્સનલ ) ઉપસ્થિત હતા.

જે પેનલ ચર્ચા થઈ તેમાં ડો. રાજેશ ગોપાલ તથા ડો. સંજય ગુપ્તા પણ પેનલીસ્ટ તરીકે સામેલ હતા. પેનલ ચર્ચાના કોઓર્ડીનેટર પદે કેન્દ્રના ડિરેકટર ડો. કે. ઘોષે સેવા આપી હતી.

ઉપસ્થિત સૌને કેન્દ્રના પ્રમુખ ડો. કિરણ શાહે આવકાર્યા હતા. તથા કેન્દ્રના ડેપ્યુટી ડિરેકટર ડૉ. નરેન્દ્ર વસાવડા એ આભારવિધી કરી હતી. કેન્દ્રના બી.ટી.ઓ. ડો. અભય ઝવેરીએ માસ્ટર ઓફ સેરીમનીની જવાબદારી સંભાળી હતી.

સુરતની હોસ્પીટલો તથા ગુજરાતની વિવિધ બ્લડબેંકોમાંથી ડોકટરો, ટેકનીશયનો, નર્સ તથા ડેટા એન્ટ્રી ઓપરેટર્સ સહિત કુલ્લે ૧૫૦ જેટલી વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

(૭) **૦૯/૦૨/૨૦૧૮ ઈમ્યુકોર લી. કંપની દ્વારા ટ્રાન્સપ્લાન્ટ વિશે વર્કશોપ...**

મુંબઈની નોવાટેલ હોટેલમાં, ઈમ્યુકોર લી. કંપની દ્વારા મેડિકલ ટ્રાન્સપ્લાન્ટ વિષય ઉપર એક દિવસીય કાર્યશાળાનું આયોજન તા. ૦૯/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવ્યુ હતું. જેમાં કેન્દ્રના ડેપ્યુટી ડિરેકટર ડૉ. નરેન્દ્ર વસાવડાએ ભાગ લીધો હતો.

(૮) **૧૦/૦૨/૨૦૧૮ ડોનર્સ સ્ક્રીનીંગ -CME**

શ્રી એમ. એચ. કે એમ. મ્યુનીસીપલ કોલેજ, અમદાવાદ ખાતે તા. ૧૦/૦૨/૨૦૧૮ ના રોજ યોજાય ગયેલ 'ડોનર્સ સ્ક્રીનીંગ' ના વિષય ઉપરની સી.એમ.ઈ. માં કેન્દ્રના ડો. અભય ઝવેરી, શ્રીમતી ધર્મિષ્ઠા પાટીલ તથા કુ. ભૂમિકા માવાણીએ ભાગ લીધો હતો.

વિવિધ વિષયોને આવરી લેતી આ CME માં ડો. અભય ઝવેરીએ ઓરલ પેપર પ્રેઝન્ટેશન માં નિર્ણાયક તરીકે જવાબદારી નિભાવી હતી.

## (૯) શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ આયોજીત સ્વૈચ્છિક રકતદાન શિબિર - તા. ૨૫/૦૨/૨૦૧૮






પ્રતિવર્ષ ૧૪ ફેબ્રુઆરી 'વેલેન્ટાઈન દિવસ' લોકો પશ્ચિમ સંસ્કૃતિને અનુસરીને વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરતાં હોય છે જયારે શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ૧૪ ફેબ્રુઆરીનાં ઉપલક્ષમાં ''સ્વૈચ્છિક રકતદાન શિબિર''નું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે રવિવાર, તા. ૨૫/૦૨/૨૦૧૮ નાં રોજ ગોવિંદજી હોલ, ડભોલી ખાતે રકતદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં સમારંભના પ્રમુખ તરીકે શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટનાં પ્રમુખશ્રી રતિલાલ એચ. પટેલ, ઉદ્‌ઘાટક તરીકે ઓલપાડ વિસ્તારનાં મા. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મુખ્ય મહેમાનપદે કેન્દ્રનાં ડેપ્યુટી ડિરેકટર ડો. નરેન્દ્ર વસાવડા તેમજ અતિથિવિશેષ પદે ગોવિંદજી હોલ, ડભોલીનાં જમીનદાતાશ્રી ગોવિંદભાઈ ઘેલાભાઈ પટેલ તેમજ અખંડ આનંદ માધ્યમિક સ્કુલનાં આચાર્યશ્રી ર્ડા. અમૃતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ર્ડા. નરેન્દ્ર વસાવડાએ પોતાની આગવી શૈલીમાં સ્વૈચ્છિક રકતદાન વિશે પ્રવચન આપી ઉપસ્થિત તમામ લોકોને રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

શિબિરને અંતે ૧૦૦ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. રકતદાન શિબિરને સફળ બનાવવા માટે શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટનાં સેક્રેટરી શ્રી નટુભાઈ આઈ. પટેલ તેમજ તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ તરફથી કેન્દ્રનાં ડેપ્યુટી ડિરેકટર ડો. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## (૧૦) શ્રી અખિલ ભારત રાણા સમાજ, શ્રી સુરત રાણા સમાજ, શ્રી યુવા રાણા સમાજ, સુરત તેમજ શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ આયોજીત ''મેગા રકતદાન શિબિર'' - તા. ૨૫/૦૨/૨૦૧૮



રવિવાર તા. ૨૫/૦૨/૨૦૧૮ નાં રોજ વાડી ફળિયા-કોટસફીલ રોડ ખાતે શ્રી અખિલ ભારત રાણા સમાજ, શ્રી સુરત રાણા સમાજ, શ્રી યુવા રાણા સમાજ, સુરત તેમજ શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ તેમજ સહયોગી સંસ્થાઓ દ્વારા ''મેગા રકતદાન શિબિર''નું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી અખિલ ભારત રાણા સમાજનાં પ્રમુખ શ્રી કંચનભાઈ ચપડીયાએ સુરત રાણા સમાજનાં નવતર પ્રયાસને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. સુરત પૂર્વ વિસ્તારનાં મા. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણાએ સમાજમાં લોકસેવાનાં વધુને વધુ કાર્યક્રમો થાય તેવી સૌ નવયુવાનોને અપીલ કરી હતી. કાર્યક્રમનાં મુખ્ય આયોજક શ્રી નરેશ રાણાએ સ્વૈચ્છિક રકતદાનનું મહત્વ સમજાવી આગામી સમયમાં પણ નિયમિત આવા સામાજીક કાર્યો સમાજનાં સૌ યુવાનો સાથે મળીને સફળતાપૂર્વક પાર પાડવાનું આહ્‌વાહન કર્યુ હતું.

આ પ્રસંગે શિબિર આયોજકો તરફથી કેન્દ્રનાં ડેપ્યુટી ડિરેકટર ડૉ. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાને સન્માનિત કરવામાં આવ્યા હતા.

શિબિરને સફળ બનાવવા માટે શ્રી નરેશભાઈ રાણા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. શિબિરને અંતે ર૭૩ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. કેન્દ્ર તરફથી શિબિર આયોજકો તેમજ તમામ સ્વૈચ્છિક રકતદાતાઓનો હાર્દિક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.


## (૧૧) 'આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી' તા. ૦૮/૦૩/૨૦૧૮






લાયન્સ કલબ ઓફ સુરત ક્રીસ્ટલ તથા લાયોનેસ કલબ ઓફ સુરત સીલ્કસીટીની પ્રમુખ શ્રીમતી રંજુ ડુગ્ગર ના માર્ગદર્શન હેઠળ શ્રીમતી આશાબેન, શ્રીમતી ઈન્દ્રાબેન વિ. એ કેન્દ્રની ડી. એમ.એલ.ટી. માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિન અંગે પ્રાસંગિક વાતો કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ દિવસ ડી. એમ.એલ.ટી. માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ પણ રકતદાન કર્યુ હતું. સ્મૃતિ ભેટથી બધી વિદ્યાર્થીનીઓ તથા, આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રિન્કુ શુકલ વિ. નું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડી.એમ.એલ.ટી. ની વિદ્યાર્થીનીઓએ રકતદાન પણ કર્યું હતું તથા રિસેપ્સન નજીક વિદ્યાર્થીનીઓ કરેલ રંગોળી કામ પણ નિહાળી અભિનંદન પાઠવ્યા હતા.

## (૧૨) ઝુલેલાલ સિંધુ સેવા સમિતિ અને શ્રી મહાલક્ષ્મી વિશ્વ શકિતધામ, અડાજણ આયોજીત 'સ્વૈચ્છિક રકતદાન શિબિર'' તા. ૧૮/૦૩/૨૦૧૮




પ્રતિવર્ષ 'ચેટીચાંદ' નિમિતે ઝુલેલાલ સિંધુ સેવા સમિતિ અને શ્રી મહાલક્ષ્મી વિશ્વ શકિતધામ, અડાજણ તરફથી નિયમિત સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવે છે. આ વર્ષે પણ રવિવાર, તા. ૧૮/૦૩/૨૦૧૮ નાં રોજ SMC પાર્ટી પ્લોટ, પાલ ખાતે રકતદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. ડૉ.નરેન્દ્ર વસાવડાએ પોતાના વકતવ્યમાં ઝુલેલાલ સિંધુ સેવા સમિતિ તેમજ શ્રી મહાલક્ષ્મી વિશ્વ શકિતધામ, અડાજણનો હાર્દિક આભાર વ્યકત કરી નિયમિત સ્વૈચ્છિક રકતદાન શિબિરોના વધુને વધુ આયોજનો ગોઠવવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

આ પ્રસંગે કેન્દ્રનાં ડેપ્યુટી ડિરેકટર ડો.નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાને શિબિર આયોજકો તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રકતદાન શિબિરને સફળ બનાવવા માટે ઝુલેલાલ સિંધુ સેવા સમિતિના શ્રી ત્રિલોકચંદ થડાણી, સિંધી સમાજનાં આગેવાનો તેમજ શ્રી મહાલક્ષ્મી વિશ્વ શકિતધામ, અડાજણનાં શ્રી હિતેષ લાપસીવાલાએ ભારે જહેમત ઉઠાવી હતી. શિબિરને અંતે ૧૪૩ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું.

## (૧૩) શ્રી સાંઈ મંદિર, બમરોલી રોડ આયોજીત સ્વૈચ્છિક રકતદાન શિબિર - તા. ૧૮/૦૩/૨૦૧૮







છેલ્લાં છ વર્ષથી બમરોલી રોડ ખાતે આવેલ શ્રી સાંઈ મંદિરનાં સાંઈ ભકતો દ્વારા સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવે છે. આ વર્ષે પણ શ્રી સાંઈ મંદિરની સાતમી સાલગીરી નિમિત્તે રવિવાર, તા. ૧૮/૦૩/૨૦૧૮ નાં રોજ રકતદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત તમામ સાંઈ ભકતોએ રકતદાન કરવા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો. જેઓને કેન્દ્રનાં ડેપ્યુટી ડિરેકટર ડૉ. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાએ ઉપસ્થિત રહી બિરદાવ્યા હતા. શિબિરને અંતે ૯૭ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું.

રકતદાન શિબિરને સફળ બનાવવા માટે શિબિરનાં આયોજક શ્રી હેમેન્દ્ર મિસ્ત્રી, શ્રી હિતેષ બારૈયા વિ. એ ભારે જહેમત ઉઠાવી હતી. કેન્દ્ર તરફથી તેઓનો હાર્દિક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## (૧૪) તા. ૨૭/૦૩/૨૦૧૮ સ્ટેમસેલ સમિતિની મીટીંગ

કેન્દ્રના બોર્ડરૂમમાં ડૉ. અમીત ખુરાના (વાઈસ ચેરમેન, સ્ટેમસેલ સમિતિ, સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર) ના અધ્યક્ષ સ્થાને સ્ટેમસેલ સમિતિની મીટીંગ મળી હતી. જેમાં ડૉ. આશા ભટ્ટ, શ્રી મનોહર ત્રિકણ્ણાડ વિ. ઉપસ્થિત રહયા હતા. શ્રીમતી ઉર્વી પન્વરે પાવર પોઈન્ટથી પ્રેઝન્ટેશન કર્યું હતું. કેન્દ્રના ડિરેકટર ડૉ. કે. ઘોષ, ડેપ્યુટી ડિરેકટર ડૉ. નરેન્દ્ર વસાવડા, વહીવટી અધિકારી શ્રી પરિમલ વ્યાસ તથા અન્ય રિસર્ચ ઓફિસરો પણ આ મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

## QUARTERLY REPORT

| Month | Number of Camps | Voluntary Blood Donation | | Total Collection | Total Issue |
|---|---|---|---|---|---|
| | | In camps | At SRKRC | | |
| January - 2018 | 41 | 2820 | 133 | 2953 | 2747 |
| February - 2018 | 20 | 1671 | 114 | 1785 | 2516 |
| March - 2018 | 36 | 2014 | 194 | 2208 | 2931 |

# શતક શિબિરાર્થીઓ (જાન્યુઆરી-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૮)

**૦૨ જાન્યુઆરી ૨૦૧૮** — ૧૦૨ યુનિટ

**શ્રી સત્ય સાઈ સેવા સમિતિ,**
**અંબાબા કોમર્સ કોલેજ, સાબરગામ, નિયોળ**
શ્રી જગુભાઈ પટેલ

**૦૫ જાન્યુઆરી ૨૦૧૮** — ૧૦૭ યુનિટ

**સાઉથ ગુજરાત ટેક્ષ્ટાઈલ ટ્રેડર્સ**
**એસોસીયેશન, રીંગરોડ**
શ્રી સાવરપ્રસાદ બુધિયા

**૨૦ જાન્યુઆરી ૨૦૧૮** — ૩૮૩ યુનિટ

**સિધ્ધી વિનાયક નોટ્સ એન્ડ પ્રિન્ટસ**
**પ્રા. લિમિટેડ, પાંડેસરા**
શ્રી રાકેશ સરાવગી

**૨૧ જાન્યુઆરી ૨૦૧૮** — ૧૩૨ યુનિટ

**અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ, અગ્રવાલ યુવા શાખા**
**તેમજ મહિલા શાખા, વેસુ**
શ્રી મનીષ અગ્રવાલ

**૨૧ જાન્યુઆરી ૨૦૧૮** — ૧૨૩ યુનિટ

**જય રવિ ગૃપ, અડાજણ**
શ્રી પરેશ ટેલર

**૨૬ જાન્યુઆરી ૨૦૧૮** — ૨૭૧ યુનિટ

**સંસ્કારભારતી વિદ્યાલય,**
પાલનપુર પાટિયા
શ્રી બાબુલાલ પટેલ

**૨૮ જાન્યુઆરી ૨૦૧૮** — ૧૦૩ યુનિટ

**લાયન્સ ક્લબ ઓફ સુરત, સરદાર માર્કેટ,**
**ઉમિયાધામ, વરાછા**
શ્રી અરવિંદભાઈ પટેલ

**૨૮ જાન્યુઆરી ૨૦૧૮** — ૧૦૩ યુનિટ

**લાડ લુહાણા સિંધી પંચાયત,**
**રામનગર, રાંદેર રોડ**
શ્રી નિલેષ છતાણી

**૦૩ ફેબ્રુઆરી ૨૦૧૮** — ૧૧૪ યુનિટ

**રંગીલા શ્યામ સેવા સમિતિ, રીંગરોડ**
શ્રી ગણેશ અગ્રવાલ

**૧૯ ફેબ્રુઆરી ૨૦૧૮** — ૧૩૫ યુનિટ

**કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ,**
**CTX, સચીન**
શ્રી દિનેશ પટેલ

**૨૦ ફેબ્રુઆરી ૨૦૧૮** — ૧૦૬ યુનિટ

**કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ,**
**યુનિટ -૩, પાંડેસરા**
શ્રી દિનેશ પટેલ

**૨૧ ફેબ્રુઆરી ૨૦૧૮** — ૧૩૧ યુનિટ

**કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ,**
**યુનિટ -૧, સચીન**
શ્રી દિનેશ પટેલ

# શતક શિબિરાર્થીઓ (જાન્યુઆરી-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૮)

**૨૨ ફેબ્રુઆરી ૨૦૧૮**

૧૩૦ યુનિટ

**કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ,**
**પ્લોટ નં. ૮૦, પાંડેસરા**
શ્રી દિનેશ પટેલ

**૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૮**

૧૦૦ યુનિટ

**શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ,**
**ડભોલી**
શ્રી નટુભાઈ આઈ. પટેલ

**૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮**

૨૭૩ યુનિટ

**શ્રી અખિલ ભારત રાણા સમાજ,**
**શ્રી સુરત રાણા સમાજ, શ્રી યુવા રાણા સમાજ, સુરત**
**અને શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ, વાડીફળિયા**
શ્રી નરેશ રાણા

**૧૦ માર્ચ ૨૦૧૮**

૧૨૪ યુનિટ

**ચિંતન ઈમ્પેક્ષ, કતારગામ**
શ્રી જગદીશભાઈ
શ્રી ધર્મેન્દ્ર વિડિયા

**૧૩ માર્ચ ૨૦૧૮**

૧૯૦ યુનિટ

**સી.કે. પીઠાવાલા કોલેજ ઓફ એન્જીનીયરીંગ**
**એન્ડ ટેક્નોલોજી, ગવિયર, ડુમસરોડ**
પ્રો. ચેતન લાડ

**૧૮ માર્ચ ૨૦૧૮**

૧૪૩ યુનિટ

**ઝુલેલાલ સિંધુ સેવા સમિતિ અને**
**શ્રી મહાલક્ષ્મી વિશ્વ શક્તિ ધામ, અડાજણ**
શ્રી ત્રિલોકચંદ થડાણી, શ્રી હિતેષ લાપસીવાલા

**૨૪ માર્ચ ૨૦૧૮**

૧૦૯ યુનિટ

**ચાંલ્લાગલી યુવક મંડળ,**
**ગોપીપુરા**
શ્રી અંકુર શાહ

**૨૫ માર્ચ ૨૦૧૮**

૨૦૧ યુનિટ

**ચાંલ્લાગલી યુવક મંડળ,**
**ગોપીપુરા**
શ્રી અંકુર શાહ



# સ્વૈચ્છિક રક્તદાન શિબિરોની ઝાંખી

**(જાન્યુઆરી-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૮)**



રંગીલા શ્યામ સેવા સમિતિ, રીંગરોડ





બડા ગણેશ મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ, સુમુલ ડેરી રોડ



સાઉથ ગુજરાત ટેક્ષટાઇલ ટ્રેડર્સ એસોસીએશન, રીંગરોડ



સી. કે. પીઠાવાલા કૉલેજ ઓફ એન્જી. એન્ડ ટેક્નોલોજી, ડુમસ રોડ





કલરટેક્ષ ઇન્ડસ્ટ્રીઝ લી., પાંડેસરા




શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ, ડભોલી




શ્રી અખિલ ભારત રાણા સમાજ , વાડીફળીયા



ચાંલ્લાગલી યુવક મંડળ, ગોપીપુરા




સિધ્ધી વિનાયક નોટ્સ એન્ડ પ્રિન્ટસ પ્રા. લી., પાંડેસરા

# સ્વૈચ્છિક રક્તદાન શિબિરોની ઝાંખી

**(જાન્યુઆરી-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૮)**




વિશ્વ મહિલા દિન' નિમિત્તે કેન્દ્ર ખાતે સ્વૈચ્છિક રક્તદાન





'ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ' નું કેન્દ્ર ખાતે સ્વૈચ્છિક રક્તદાન




ભારતીય જનતા પાર્ટી યુવા મોરચો, ઉધના ઝોન




કાંઠા વિભાગ રક્તદાન સમિતિ



નેતાજી સુભાષચંદ્ર બોઝ હેલ્પ સેન્ટર, અડાજણ




શ્રી સત્ય સાઇ સેવા સમિતિ, સુરત - કુંભારિયા



रक्तदान है
सबसे बड़ा
दान, जो है
एक पुण्य
का काम

# વિશ્વ રક્તદાતા દિન

## તા. ૧૪ જુન ૨૦૧૮

આંતરરાષ્ટ્રિય ઉજવણી – એથેન્સ ગ્રીસ
રાષ્ટ્રિય ઉજવણી – ભારતની તમામ બ્લડ બેંક
રાજ્યકક્ષાની ઉજવણી – અમદાવાદ

પ્રતિ વર્ષ ૧૪ જુન - બ્લડબેંક પ્રવૃત્તિના ભિષ્મપિતામહ ડો. કાર્લ લેન્ડસ્ટેઈનર ના જન્મ દિવસને 'વિશ્વ રક્તદાતા દિન' તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. આ દિવસ સ્વૈચ્છિક રક્તદાતાઓએ આપેલ નિઃસ્વાર્થ સેવા બદલ આભાર વ્યક્ત કરવા માટે ઉજવવામાં આવે છે.

સ્વૈચ્છિક રક્તદાતાઓ મારફત જ ગુણવત્તાસભર, સલામત અને યોગ્ય માત્રામાં રક્ત મેળવી શકાય છે. સ્વૈચ્છિક રક્તદાનથી કરોડો લોકોની જિંદગી બચાવી શકાય છે તેમજ તે જન્મજાત રોગ માટે, સર્જરી કે કેન્સર જેવા રોગો માટે જીવનામૃત સમાન છે. સલામત અને પર્યાપ્ત રક્ત મેળવવા માટે સ્વૈચ્છિક રક્તદાતા જ જીવનદાન બક્ષી રહે છે.

આ વર્ષનું વિષયવસ્તુઃ

"Be There for someone else, Give blood, Share life"

''અન્ય માટે રક્ત આપો અને જીવનમાં ભાગીદાર બનો.''

ભારતીય સંસ્કૃતિને અનુરૂપ પરોપકાર, માન, કરૂણા અને સદ્‌ભાવના જેવા માનવીય મૂલ્યો અને એકતાના પ્રતિક સમાન રક્તદાનને પ્રોત્સાહન આપવા આ દિવસ મહત્ત્વનું પ્રદાન કરે છે. સાથોસાથ આ પ્રવૃત્તિ સામાજિક બંધનોને નાતજાતથી પર રહી મજબૂત બનાવે છે.

### ધ્યેય :

સ્વૈચ્છિક રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરી અનેક લોકોના દીલમાં આ જીવન રક્ષક પ્રવૃત્તિને વેગ આપી અન્યના જીવનનો દીપક પ્રગટ રાખવાની પ્રવૃત્તિની પ્રેરણા આપવાનો છે.

### સલામત રક્ત અને પ્રાપ્યતા

### વસ્તુ સ્થિતિ

- વિશ્વમાં ૧૧૨૫ મિલીયન રક્તદાન અર્ધાઅર્ધ વિકસિત દેશોમાં થાય છે જે વિશ્વની વસ્તીના ૧૯% થાય છે.
- આ વિકસિત દેશોમાં ૬૫% રક્ત ૫ વર્ષથી નીચેના બાળકોને આપવામાં આવે છે.
- જયારે ઉચ્ચ આવકવાળા દેશોમાં ૬૫ વર્ષ ઉપરનાને ૭૫% રક્ત વિતરણ થાય છે.
- ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં દર ૧૦૦૦ વસ્તી એ ૩૨ યુનિટ રક્તદાન થાય છે.
- મધ્યમ આવક ધરાવતા દેશોમાં ૧૫ યુનિટ રક્તદાન થાય છે.
- સામાન્ય આવક ધરાવતા દેશોમાં ૭.૫ યુનિટ રક્તદાન થાય છે.
- ઓછી આવક ધરાવતા દેશોમાં ૪.૬ યુનિટ રક્તદાન થાય છે.
- સન ૨૦૦૮ થી ૨૦૧૩ ના વર્ષ દરમ્યાન સ્વૈચ્છિક રક્તદાનમાં ૧૦.૭ મિલીયનનો વધારો થયો.
- ૭૪ દેશો તેમની જરૂરિયાતના સ્વૈચ્છિક રક્તદાન મારફત ૯૦% રક્ત મેળવે છે.

- જયારે ૭૧ દેશો ૫૦% સ્વૈચ્છિક રક્તદાતા મારફત મેળવે છે. બાકીનું કૌટુંબિક બદલા દ્વારા મેળવે છે.
- ફક્ત ૧૮૦ દેશોમાંથી ૫૧ દેશો જ પ્લાઝમમાંથી રક્ત પેદાશ મેળવે છે.

નેશનલ બ્લડ પોલીસી અને ઓર્ગેનાઈઝેશને, જીવન રક્ષક રક્ત માટે રાષ્ટ્રિય કક્ષાએ સ્વાસ્થ્ય વિભાગમાં યોગ પધ્ધતિ વિકસાવવી જોઈએ.

સરકારશ્રી તરફથી આ માટે અસરકારક વિભાગ, સશક્ત રક્ત વિતરણ પ્રણાલી અને પ્રોત્સાહનની યોજના કરાવી જોઈએ. તેને માટે રાષ્ટ્રિય રક્ત પદ્ધતિ અને અન્ય વિભાગો સિવાય અલગ સંવૈધાનિક માળખું પ્રાપ્ત કરવું જોઈએ.

સન ૨૦૧૩ થી ૧૭૯ દેશોમાંથી ૧૨૨ દેશોમાં નેશનલ પોલીસી છે જયારે ૧૮૧ માંથી ૧૦૫ દેશોમાં અલગ સંવૈધાનિક માળખું છે.

## રક્ત વિતરણ :

વિશ્વના ૧૭૬ દેશોમાં ૧૩,૦૦૦ રક્તદાન કેન્દ્રો મારફત ૧૧૨.૫ મિલિયન રક્ત એકમો એકત્રિત કરવામાં આવે છે.

ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં સરેરાશ ૧૬,૦૦૦ રક્ત એકમો તેમજ અન્ય ભાગોમાં ૫૪૦૦ રક્ત એકમો રક્તદાન કેન્દ્ર મારફત એકત્ર કરવામાં આવે છે.

## ભારત

૨૯૦૩ - રક્તદાન કેન્દ્રો

૧૧.૧ - મિલિયન રક્ત યુનિટ

૭૭% - સ્વૈચ્છિક રક્તદાતા મારફત

**સ્વૈચ્છિક રક્તદાતાઓનો આભાર**

**જય રક્તદાતા....**

**ડૉ. નરેન્દ્ર વસાવડા**
ડેપ્યુટી ડિરેક્ટર
સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર



## રક્તદાન કેમ્પમાં 763 યુનિટ એકત્ર થયાં



સુરત : ભટુસ્પાન મંદિર ખાતે અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં 6 કલાકમાં કુલ 763 યુનિટ બ્લડ એકત્ર થયું હતું. અગ્રવાલ યુવા અને મહિલા શાખાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## રક્તદાન કેમ્પમાં 383 યુનિટ રક્ત એકત્ર



સુરત : ટેક્સટાઇલ માર્કેટમાં લક્ષ્મીપતિ સાડી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 383 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. તેમજ આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

## ભંડારી ટ્રસ્ટના સ્થાપના દિન અને રામનવમીએ રક્તદાન કેમ્પ યોજાયો



સુરત : શ્રીમતી રતનબેન ડાહ્યાભાઈ ભંડારી ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપના દિને ''રામનવમી'' નિમિત્તે સુરત રક્તદાન કેન્દ્રના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રમુખ સ્થાને ધીરજભાઈ પટેલ ઈચ્છાપોરવાળા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ સુશીલાબેન ભંડારીના હસ્તે સ્મૃતિભેટ તથા પ્રમાણપત્ર દાતાઓને આપવામાં આવ્યા હતા. સુરત રક્તદાન કેન્દ્રમાંથી જ ડી.એમ.એલ.ટી. ની ડીગ્રી પ્રાપ્ત કરનાર ટ્રસ્ટી આકૃતિ પિયુષભાઈએ વધારાની સેવા આપી હતી. ટ્રસ્ટી આનંદ, પિયુષકુમાર ભંડારી વિગેરેએ આ દશાબ્દી મહોત્સવ નિમિત્તેની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

**અખબારની અટારીએથી....**

## તળપદા કોળી પટેલ ટ્રસ્ટ દ્વારા આજે રક્તદાન શિબિરનું આયોજન

સુરત : તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ, યુવા પ્રગતિ મંડળ, મહિલા મંડળ (ગોવિંદજી હોલ) દ્વારા માનવ સેવાના કાર્યની પરંપરાને આગળ ધપાવતા રવિવાર તા.૨૫-૨-૨૦૧૮ના રોજ શહેરના કતારગામ વિસ્તારમાં આવેલ ડભોલી રોડ ગુલાબવાડી ખાતે આવેલા ગોવિંદજી હોલમાં સુરત રક્તદાન કેન્દ્રના સહયોગથી એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં શહેરીજનોને સ્વૈચ્છીક રક્તદાન કરવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી આયોજીત આ રક્તદાન શિબિરમાં શહેરીજનો રક્તદાન કરી શકશે. રક્તદાન સાથે ડાયાબિટીસની વિનામૂલ્યે તપાસ આંખ અને દાંત ચેકઅપ માટે પણ નિષ્ણાંત

## એસ.આર. લુથરા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં 'રક્તદાન શિબિર' યોજાઈ



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.આર. લુથરા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં 'સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના' સહયોગથી 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના શૈક્ષણિક, બિન શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ સ્વૈચ્છીક રીતે ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરમાં કુલ ૪૫ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું.

## ખ્વાજા ગરીબ નવાઝ ટ્રસ્ટની રક્તદાન શિબિર



સુરત : ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું, આ રક્તદાન શિબિરમાં 65 બોટલ રક્ત એકત્ર કરાયું જે સુરત રક્તદાન કેન્દ્રમાં જમા કરાવવામાં

## ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટનો કાર્યક્રમ



સુરત : ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરને તેમની સેવાકીય અને કામગીરી બજાવવા બદલ ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી 11 હજારનો ચેક અર્પણ કરાયો હતો.



## સાંસદ સી.આર. પાટીલના જન્મદિન નિમિત્તે મહારક્તદાન શિબિરમાં ૨૪૮૦ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું



ઉધના ચીકુવાડી ... આયોજિત શિબિરમાં ... લાખની અકસ્માત ... વિમા ... એલ.પી.જી. કનેક્શન ...

## યુથ ફોર ગુજરાત ટ્રસ્ટના રક્તદાન કેમ્પમાં દાતાઓને મા અમૃતમ યોજનાના કાર્ડ અપાશે

રિલિજિયન રિપોર્ટર | સુરત

સાંસદ સી આર પાટીલના ૬૪માં જન્મદિન પ્રસંગે યુથ ફોર ગુજરાત" ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પડિસરમાં આયોજિત કેમ્પમાં દાતાઓને 2 લાખની સારવારના મા અમૃતમ યોજનાના કાર્ડ અપાશે. તેની સાથે આધાર કાર્ડ બાકી હશે તો બનાવી આપવામાં આવશે. જેથી માંદગીનાં સમયે પરિવારના સભ્યનું ઓપરેશન કરવામાં આવે તો સુરત ની 20 ટોપ ટેન હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ત્રણ લાખ સુધી નો ખર્ચ માફ થશે. કેમ્પમાં આંખની તપાસ પણ કરાશે. તપાસ કર્યા બાદ જેમને મોતિયો હશે તેવા 64 જણનું વિનામૂલ્ય ઓપરેશન કરી આપવામાં આવશે. મા અમૃતમ કાર્ડ અને આધાર કાર્ડ બનાવવા માટે ના જરૂરી પુરાવા (1) રાશન કાર્ડ ની ઝેરોક્ષ (2) ઘર ના પાંચ સભ્ય ના વોટીંગ કાર્ડ અથવા આધાર કાર્ડ ની ઝેરોક્ષ (3) ઘર ના લાઈટ બિલ અથવા વેરાબીલ ની ઝેરોક્ષ (4) બે સાક્ષી ના વોટીંગ કાર્ડ અથવા આધાર કાર્ડ ની ઝેરોક્ષ રક્તદાતાઓને એક વર્ષ માટે રૂ. 2,00,000/- (2 લાખ)ની એક્સિડન્ટ વીમા પોલિસી આપવામાં આવશે. 16 માર્ચ 2018 યુથ ફોર ગુજરાત ચેરીટેબલ ટ્રસ્ટ સમય.: સવારે 8:00 થી 4:00 સ્થળ: ચીકુવાડી રો હાઉસ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પડિસરા.

## સુરતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૫૫૮ મહિલાઓએ મહાદાન રક્તદાન કર્યું

(પ્રતિનિધિ દ્વારા) સુરત, બુધવાર

છેલ્લા લાંબા સમયથી આશ્ચર્યજનક પરિવર્તન સ્ત્રીઓની સ્થિતિમાં આવ્યું છે. સ્ત્રીઓ સેવાકાર્યમાં તો આગળ રહે જ છે. પણ કોઈની જીંદગી બચાવવા માટે રક્તદાન કરીને માનવતા પણ મહેકાવે છે. સુરત શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૫૫૮ મહિલાઓએ રક્તદાન કરીને કોઈના માટે જીવનદાતા બન્યા હતા.

### રક્તદાન માટે મહિલાઓ આગળ આવી રહી છે પરંતુ તેમ છતાં હજુ વધુ જાગૃતિની જરૂર : કેટલીક મહિલાઓ નિયમિત રક્તદાતા છે

રક્તદાન એ મહાદાન છે. ત્યારે સુરત શહેરની મહિલાઓ રક્તદાન માટે હંમેશા આગળ રહે છે. જો કે છેલ્લા ૩ વર્ષમાં સુરતમાં ૪૫૫૮ મહિલાઓ રક્તદાન કરી માનવતા મહેકાવી છે. જેમાની કેટલીક મહિલાઓ તો નિયમિત રક્તદાન કરે છે.

નર્સીંગ એસોસીએશનના અગ્રણી ... કડીવાલાએ કહ્યું કે, નર્સીંગ એસો. દ્વારા નવી સિવિલ ખાતે ફરજ બજાવતી મહિલા તબીબો, નર્સીંગ, વર્ગ-૪ ના કર્મચારી ... જ્યારે બેટી બચાવો, બેટી પઢાવો અંતર્ગત સિવિલમાં ૭ માર્ચની મધ્યરાત્રીના જે મહિલાને પુત્રીનો જન્મ થયો તેવી મહિલાનું ... અભિવાદન કરાશે.

**સ્વૈચ્છિક રક્તદાન શિબિર આજે**

સુરત રક્તદાન કેન્દ્રના નિતેષભાઈ મહેતાએ કહ્યું કે તા. ૮ મી માર્ચના રોજ વિશ્વ મહિલા દિન નિમિત્તે શ્રી ગણપતિશંકર ... મજમુદાર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ અને ચૌટાપુલગલી યુવક મંડળના સહયોગથી થેલેસેમિયા સેન્ટર, ચૌટાપુલગલી ખાતે સાંજે ૬ થી ૧૦ વાગ્યે સુધી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું ...

**મહિલા કર્મચારી નિયમિત રક્તદાન કરે છે**

... છેલ્લા ૧૭ વર્ષથી નિયમિત રક્તદાન કરે છે. જ્યારે સિવિલ હોસ્પિટલના નર્સીંગ સ્ટાફ સુનંદાબેન જગતાપ, અનિતાબેન બહુરૂપી અને શાંતલ ભનાર પણ નવી સિવિલમાં દર્દીઓ સંબંધીઓ લોહી વ્યવસ્થા થઈ ન હોય કે અજાણ્યા વાહન માટે રક્તદાન કરવા હંમેશા આગળ રહે છે. નવી સિવિલની બ્લડ બેન્કમાં ફરજ બજાવતી અંજના સુરતી ૫ વર્ષમાં ૩ વખત સીંગલ ડોનર પ્લેટલેટ આપી છે. તથા તે દર્દીને જરૂર પડે ત્યારે રક્તદાન તો નિયમિત કરે છે. જ્યારે લોક સમર્પણ રક્તદાન કેન્દ્રમાં અગાઉ ફરજ બજાવતા રેખાબેન માલવીયા છેલ્લા ૨૦ વર્ષથી રક્તદાન કરે છે. હાલમાં પણ તે રક્તદાન કરવા આવે છે.

**મહિલાઓએ કરેલા સ્વૈચ્છિક રક્તદાનના આંકડા**

| વર્ષ | મહિલા રક્તદાતાની સંખ્યા | કુલ રક્તદાતાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૪૮૦ | ૩૨૦૧૬ |
| ૨૦૧૬ | ૮૪૮ | ૩૧૬૫૩ |
| ૨૦૧૭ | ૬૮૨ | ૩૦૪૫૧ |
| લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર | | |
| ૨૦૧૫ | ૮૧ | ૧૧૪૩૮ |
| ૨૦૧૬ | ૫૨ | ૧૧૯૨૦ |
| ૨૦૧૭ | ૫૨ | ૧૧૭૯૫ |
| નવી સિવિલ હોસ્પિટલ | | |
| ૨૦૧૫ | ૧૬૯ | ૭૦૮૫ |
| ૨૦૧૬ | ૨૦૦ | ૧૦૨૮૦ |
| ૨૦૧૭ | ૧૫૪ | ૭૬૧૧ |
| મેડીકોમ બ્લડ બેન્ક | | |
| દોઢ વર્ષમાં | મહિલા ૭૪૨ | કુલ ૮૭૮૧ |

### વિશ્વ મહિલા દિન નિમિત્તે રક્તદાન પ્રત્યે મહિલાઓમાં જાગૃતિ વધારવા વિવિધ સંસ્થાઓ દ્વારા બ્લડ કેમ્પના આયોજન

## સુરતમાં રક્તદાન કરતી મહિલાઓની સંખ્યા માત્ર ૨.૨૪ ટકા

સુરત, તા. ૭

વિશ્વભરમાં ૯૪ ટકા પુરુષોની સરખામણીએ માત્ર ૬ ટકા મહિલાઓ જ રક્તદાન કરે છે, જ્યારે સુરતમાં આ આંકડો માત્ર ૨.૨૪ ટકાનો છે. હિમોગ્લોબિનનું પ્રમાણ ઓછું હોવાના લીધે ઈચ્છા હોવા છતાં મહિલાઓ રક્તદાન કરી શકતી નથી. આ સાથે જ વર્ષોવર્ષ મહિલાઓ તરફથી રક્તદાનની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. આથી જ આ વર્ષે તા. ૮ માર્ચે વિશ્વ મહિલા દિન નિમિત્તે સેવાભાવી સંસ્થાઓ દ્વારા મહિલાઓમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી રક્તદાન કેમ્પના આયોજન કરાયા છે. વિશ્વ મહિલા દિન નિમિત્તે શ્રી ગણપતિશંકર ...

**વર્ષ ૨૦૧૩થી ૨૦૧૭ દરમિયાન મહિલાઓ દ્વારા રક્તદાનની આંકડાકીય માહિતી**

| વર્ષ | કુલ રક્તદાતા | મહિલા રક્તદાતા | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૧૩ | ૩૩૨૮૩ | ૧૪૯૬ | ૪.૪૯ |
| ૨૦૧૪ | ૩૫૩૮૪ | ૧૦૬૬ | ૪.૯૯ |
| ૨૦૧૫ | ૩૨૦૧૬ | ૧૪૮૦ | ૪.૫૦ |
| ૨૦૧૬ | ૩૧૬૫૩ | ૮૪૮ | ૨.૬૮ |
| ૨૦૧૭ | ૩૦૪૫૧ | ૬૮૨ | ૨.૨૪ |

**ઓછા વજન અને હિમોગ્લોબીનની ઉણપના લીધે મહિલાઓ રક્તદાન કરી શકતી નથી**

સંચાલિત ચૌટાપુલગલી યુવક મંડળ દ્વારા ગોપીપુરાની ચૌટાપુલગલી ખાતે તેમજ સુરતી મોઢવણિક મહિલા મંડળ દ્વારા નાનપુરાની જમરૂખ ગલીમાં મહિલાઓ માટે વિશેષ રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે. ... સમયથી રક્તદાનની પ્રવૃતિ સાથે સંકળાયેલા છે. રક્તદાન શિબિર વેળા ૫૦ મહિલા નોંધણી કરાવે તો તે પૈકી માંડ ૧૦થી ૧૫ મહિલા જ રક્તદાન કરી શકે છે. મોટાભાગની મહિલાઓ હિમોગ્લોબિનની ...

સુરત રક્તદાન કેન્દ્રના આંકડા પણ દર્શાવે છે કે ઉત્તરોત્તર મહિલાઓ તરફથી રક્તદાનની પ્રવૃત્તિમાં ઘટાડો નોંધાયો છે. જાણકારોના મતે યુવા મહિલાઓમાં વજન ઓછું રાખવાની ઘેલછાના લીધે હિમોગ્લોબિનનું પ્રમાણ ઘટી રહ્યું છે. મોટાભાગની મહિલાઓનું વજન ૪૫ કિલોથી ઓછું હોય તેઓ રક્તદાન કરી શકતા નથી. આથી જ મહિલાઓ રક્તદાન કરી શકતી નથી. આથી મહિલાઓમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ વધે તે સમયની માગ છે.

શ્રીજી મેરેજબ્યુરો

PEOPLE'S BANK
in real sense

# શું તમે Bill Payment માટે અલગ અલગ APP વાપરો છો ?

## હવે... SPCB મોબાઈલ બેન્કિંગ સેવાથી

## ૨૪×૭ બીલ પેમેન્ટ, આપના હાથમાં

BSNL
GUJARAT GAS
1 ગુજરાત ગેસ/BSNL ના બીલનું પેમેન્ટ

2 પ્રીપેઈડ/પોસ્ટપેડ મોબાઈલ રીચાર્જ

Torrent
DGVCL
3 Torrent/DGVCL ના બીલનું પેમેન્ટ

4 DTH રીચાર્જ



SPCB Mobile Banking

ઉપરોક્ત બધીજ સેવાઓ ફ્રી

- ✓ કોઈ Receipt સાચવવાની જરૂર નથી.
- ✓ તમારા A/C માં જ Entry.
- ✓ કોઈ Cheque લખવાનો નહી.
- ✓ લાંબી લાઈનમાં ઉભા રહેવામાંથી મુક્તિ.

આપની નજીકની કોઈપણ શાખાનો સંપર્ક કરવા વિનંતી.

**ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.**

સ્થાપના : ૧૯૨૨

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક